# દેશપ્રેમ એટલે શુ ?

– ધૂમકેતુ

રાણા પ્રતાપે દિલ્હીના બાદશાહ અકબર સાથે લડાઈ ચાલી. એ વખતે તમામ રજવાડા દિલ્હીના બાદશાહને નમતા હતા. બાકી એક મેવાડ રહ્યુ હતુ. પણ ક્યા મેવાડના નાનકડા રાજનો ધણી રાણો પ્રતાપ અને કયા દિલ્હીનો બાદશાહ ? જુદ્ધ થયુ. તેમા રાણો પ્રતાપ હાર્યો. પણ રાણા પ્રતાપે તો પોતાની ટેકની ખાતર જુદ્ધ આદર્યું હતુ. એટલે એ ટેકમા ને ટેકમા એણે આખુ રાજ ખોયુ ! એવો પ્રસગ પણ આવ્યો કે મેવાડના મહારાણાને પાદડાની પતરાળીમા મકાઈનો રોટલો મેળવો પણ મુશ્કેલ થયો ! ત્યારે આવુ દુઃખ પડવા માડય, ત્યારે એનુ મન હાથ ન રહ્યુ. માણસ બધુ સહન કરે, પણ પોતાના સ્ત્રીબાળકને, રોટલા માટે ટળવળતા જુએ ત્યારે તો હદ થઈ ગઈ ના ? ચિતોડના એક કટકા માટે રાણા પ્રતાપના છોકરા રડે ! એ મૂઝવણમા ને મૂઝવણમા, રાણા પ્રતાપે બાદશાહને તાબે થવાનો વિચાર કર્યો. બીજુ કાઈ નહિ, સુખનો રોટલો તો મળે !

પ્રતાપનુ મન ડગ્યુ છે, એવા સમાચાર ઊડતા ઊડતા અકબર બાદશાહને મળ્યા. બાદશાહને તો એટલુ જ કામ હતુ. રાણા પ્રતાપની ટેક તૂટે એટલે બસ !

એણે પોતાના દરબારના એક સરદારને આ વાત કરી. એ સરદારનુ નામ પૃથુરાજ. બિકાનેરના રાજાનો એ ભાઈ. એ કવિ પણ હતો. એના મનમા રાણા પ્રતાપની એક અડગ મૂર્તિ બેઠી હતી. પ્રતાપની ટેક ઉપર એ ફિદા હતો ! અકબર બાદશાહની વાત સાભળીને એ એના મનમા એક ઘા પડી ગયો, ‘અરર ! રાણો પ્રતાપ ડગે ? તો તો થઈ રહ્યુ ના ? પછી રહ્યુ કોણ ?’

એટલે એણે બાદશાહને હિમ્મતથી કહ્યુ : ‘જહાપનાહ ! હિમાલય ડગે પણ રાણો પ્રતાપ ડગે એ હુ ન માનુ ! હુ કાગળ લખીને પુછાવુ તો સાચી ખબર પડે ! એના કોઈ દુશ્મને ગપ્પુ હાકય હોય તો ?’

અકબર બાદશાહે છૂટ આપી. એટલે એણે એક સદેશો રાણા પ્રતાપને મોકલ્યો. એમા એણે રાણા પ્રતાપને લખ્યુ કે ‘હે રજપૂત વીર ! હવે અણનમ તુ એક જ રહ્યો છે ! તુ ડગીશ ને જો બાદશાહને નમીશ, તો પછી રજપૂતો કોને નામે ગૌરવ લેશે ? દુઃખ તો આજ છે ને કાલ નથી. એ કેટલાક દિવસ રહેશે ? એ થોડા દી રહેશે. પણ નામ તો અવિચલ રહેશે ! હે વીર પુરુષ ! જો તુ ડગીશ, તો રજપૂતી લૂટાઈ જશે !’

રાણા પ્રતાપને આ વીર વાણી વાચીને ઉત્સાહ આવ્યો. તેણે બાદશાહને શરણે જવાનો વિચાર માડી વાળ્યો. પોતે સામે માએ ટકી શકે તેમ નથી એમ લાગ્યુ, ત્યારે મેવાડ છોડી દઈને, સિધમા જવા નીકળ્યો !

પણ પ્રતાપ મેવાડ છોડી જાય છે એ સમાચાર એના જૂના કારભારી ભામાશાને મળ્યા. અને એ જાય, પછી મેવાડમા રહ્યુ શુ ? ભામાશાના મનમા થઈ આવ્યુ કે દોલત તો આજ છે ને કાલ નથી ! રાણા પ્રતાપ જેવો ટેકીલો નર દેશને તજી દેશે, તો મેવાડના નામ ઉપર કાળી ટીલી આવી જશે. એક હજાર ગગા નદીના પાણીથી પણ એ કાળી ટોલી પછી નહિ ધોવાય.



એટલે એણે પોતાની સાત સાત પેઢાનો ખજાનો ભેગો કર્યો. તમામ સોનામહોરો લઈને રાણા પ્રતાપને પાછા મેવાડમા લાવવા માટે એ નીકળ્યો. રાણો પ્રતાપ સિધમા પ્રવેશ કરવાની તૈયારી કરતો હતો, ત્યા એણે એને રોક્યો. રાણા પ્રતાપને મળ્યો. અને જ્યારે એની પાસે પોતાની લાખ્ખો સોનામહોરો ધરી દીધી ત્યારે રાણાજી પણ એ દેશપ્રેમ જોઈને છક થઈ ગયા !

એ મેવાડમા પાછા ફર્યા, જુદ્ધ આદર્યું અને જુદ્ધમા જશ મેળવ્યો, ‘મેવાડ પરાધીન નહિ !’ એ એમનો જીવનમત્ર એમણે સિદ્ધ કરી બતાવ્યો. દેશને પરાધીન થતો બચાવવા માટે તો આવા મહાત્યાગ કરવા પડે છે. દેશ ત્યારે ટકે. રાણો પ્રતાપ જ્યારે મૃત્યુશય્યા ઉપર પડયા, ત્યારે એનો જીવ કેમે કર્યો જાય નહિ. એણે રાજ્ય તો પાછુ મેળવ્યુ હતુ, પણ મેવાડના નાક સમો ચિતોડગઢ મેળવ્યા વિનાનો રહી ગયો હતો. એના મનમા એ દુ:ખ થાય ! જ્યારે સરદારોએ સોગન લઈને કહ્યુ કે અમે મેવાડને સ્વતત્ર નહિ કરીએ ત્યા સુધી મહેલ હવેલી નહિ બાધીએ, ત્યારે રાણાજીનો જીવ શાતિ પામ્યો !

દેશપ્રેમનો આ અદ્‌ભુત દાખલો છે. દેશની સ્વાધીનતા કેવા કેવા ભોગ માગે છે એ એમાથી જોવા મળે !